# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

"પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત–૩૯૪૨૧૦.

---

પ્રતિ, તા. ૧૮/૧૧/૨૦૧૭

તંત્રીશ્રી,

...............................................,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન પ્રસિધ્ધ કરશોજી.

લિ.

મિડીયા સેલ,

ભાજપ–સુરત મહાનગર

- **વિધાનસભા ચૂંટણી : ભાજપના કાર્યકર્તાઓ "લક્ષ્ય ૧૫૦+"ની તૈયારીમાં મંડી પડયા.**
- **શહેરની તમામ વિધાનસભા બેઠકો પર ભાજપનો ભગવો લહેરાશે : શહેર અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાલા.**
- **તમામ વિધાનસભા વિસ્તારોમાં ચૂંટણી કાર્યાલયો ધમધમી ઉઠયા.**
- **ઉમેદવારોના ભવ્ય વિજય માટે કાર્યકર્તાઓ કરી રહ્યા છે દિવસ–રાત તનતોડ મહેનત.**

વિધાનસભાની ચૂંટણીનું બ્યૂગલ વાગી ચૂક્યું છે. ભાજપના કાર્યકર્તાઓમાં ભારે ઉત્સાહ અને ઉમંગ છવાઈ ગયો છે. ભાજપના તમામ કાર્યકર્તાઓએ "લક્ષ્ય ૧૫૦+"ની તૈયારીઓ આદરી દીધી છે. "અડીખમ ગુજરાત", "હું છું વિકાસ, હું છું ગુજરાત"ના ધ્યેય સાથે શહેરની તમામ વિધાનસભા વિસ્તારોમાં કાર્યાલયો ધમધમતા થઈ ગયા છે.

શહેર અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાલાએ વધુમાં જણાવ્યું છે કે કાર્યકર્તાઓનો ઉત્સાહ અને ઉમંગ જોતા ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગરની તમામ બેઠકો કબ્જે કરશે. તમામ બેઠકો પર "ભગવો" લહેરાશે.

કેન્દ્ર તથા વિવિધ રાજ્યોમાંથી આવી રહેલા નેતાઓ અને વરિષ્ઠ પદાધિકારીઓના સતત માર્ગદર્શનથી કાર્યકર્તાઓને પ્રેરણા મળી રહી છે. વિવિધ વિધાનસભા વિસ્તારોમાં શરૂ થયેલા કાર્યાલયોમાં કાર્યકર્તાઓ સહિત સ્થાનિક લોકો પણ સ્વયંભૂ જોડાઈ રહ્યા છે. તમામ કાર્યાલયો પર કાર્યકર્તાઓ દિવસ–રાત ભવ્ય વિજયની તડામાર તૈયારીઓ કરી રહ્યા છે.

અખંડ ભારતના સ્વપ્નદ્રષ્ટા અને વિકાસના શિલ્પી આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના ગુજરાતમાં વિકાસની ગતિ "અડીખમ" રીતે હરણફાળ ભરી રહી છે ત્યારે ગુજરાતની જનતા ફરી એકવાર ભાજપની સરકાર આવે અને ફરી "વિકાસ" તેનું લક્ષ્ય સાધે તેવું ઈચ્છી રહી છે.